DAY — 13 SEAT NUMBER | | | | | | |

2025	II	28	1500	J-349	(G)

BOOK KEEPING & ACCOUNTANCY (50)

Time : 3 Hrs. (12 Pages) Max. Marks : 80

પ્ર. ૧. બધા જ હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે. **[૨૦]**

(અ) નીચે આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરી વાક્ય ફરીથી લખો : (૫)

(૧) ..... એ અદૃશ્ય મિલકત છે.

(અ) પાઘડી (બ) સ્ટૉક

(ક) રોકડ (ડ) ફર્નિચર

(૨) નફો ન કરનારી સંસ્થામાં ખર્ચ કરતાં આવકમાં વધારો એ સંજ્ઞા ..... છે.

(અ) ઘટાડો (બ) નફો

(ક) વધારો (ડ) નુકશાન

(૩) મિલકતની કિંમતમાં ઘટાડો થાય તેના નફા-નુકશાન હવાલા ખાતામાં ..... કરવામાં આવે છે.

(અ) ઉધાર (બ) જમા

(ક) વધારો (ડ) સમાન

(૪) વિસર્જન ખર્ચ ..... ખાતે જમા કરવામાં આવે છે.

(અ) માલ-મિલકત (બ) રોકડ/બેંક

(ક) મૂડી (ડ) લોન

(૫) નોટરી પબ્લિક એ..... છે.

(અ) સરકારી અધિકારી (બ) લખનાર

(ક) નાણાં મેળવનાર (ડ) વેંચાણ શેરો સ્વીકારનાર

(બ) વાક્યો પૂર્ણ કરો : (૫)

(૧) વેપાર ખાતું ..... ખર્ચાઓનાં આધારે તૈયાર કરવામાં આવે છે.

(૨) ઉપજ અને ખર્ચ ખાતું એ ..... ખાતું છે.

(૩) મૃત્યુ થયેલા ભાગીદારનાં વારસદારનું ખાતું પાકાં-સરવૈયાની ..... બાજુ પર દર્શાવવામાં આવે છે.

(૪) બાંધી મુદ્દતની થાપણ એ ..... જૂથ (સમૂહ) હેઠળ આવે છે.

(૫) જો ભાગીદાર દ્વારા મિલકત લઈ જવામાં આવે તો ..... ખાતું ઉધાર કરવામાં આવે છે.

(ક) વિસંગત શબ્દ શોધો : (૫)

(૧) મજૂરી ખાતું, પગાર ખાતું, રોયલ્ટી ખાતું, આયાતવેરા ખાતું.

(૨) મશીનરી ખાતું, ફર્નિચર ખાતું, કોમ્પ્યુટર ખાતું, ભાડા ખાતું.

(૩) સામાન્ય અનામત ખાતું, લેણદાર ખાતું, મશીનરી ખાતું, મૂડી ખાતું.

(૪) નોટરી પબ્લિક, લખનાર, સ્વીકારનાર, નાણાં મેળવનાર.

(૫) મૂળ કિંમતથી, પ્રીમિયમથી, વટાવથી, લોનથી

(ડ) નીચેના વાક્યો સાથે તમે સંમત કે અસંમત થાવ છો : (૫)

(૧) ભાગીદારી પેઢી એક વેપારી સંસ્થા છે.

(૨) નફો ન કરનારી સંસ્થાનો નફો કરવાનો ઉદ્દેશ્ય હોતો નથી.

(૩) નિવૃત થતાં ભાગીદારને બહાર જતાં ભાગીદાર પણ કહેવાય છે.

(૪) નવા ભાગીદારનાં પ્રવેશ સમયે લાભનાં પ્રમાણની ગણતરી કરવામાં આવે છે.

(૫) નાણાંકીય પત્રકમાં ફક્ત પાકાં-સરવૈયાનો જ સમાવેશ થાય છે.

પ્ર. ૨. શ્રી દીપક અને શ્રી અભિષેક અનુક્રમે ૩ : ૧ ના પ્રમાણમાં નફો અને નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓનું ૩૧મી માર્ચ ૨૦૧૯ ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. **[૧૦]**

૩૧ મી માર્ચ, ૨૦૧૯ ના રોજનું પાકું સરવૈયું

જવાબદારીઓ	રકમ (₹)	મિલકતો	રકમ (₹)
મૂડી ખાતા :		જમીન અને મકાન	૩૨,૦૦૦
દીપક	૧,૨૦,૦૦૦	પ્લાન્ટ અને મશીનરી	૬૦,૦૦૦
અભિષેક	૪૦,૦૦૦	ફર્નિચર	૨૨,૦૦૦
સામાન્ય અનામત	૧૬,૦૦૦	સ્ટૉક	૪૦,૦૦૦
લેણદારો	૮૦,૦૦૦	પરચૂરણ દેવાદારો	૬૪,૦૦૦
બેંક ઓવર ડ્રાફ્ટ	૪૨,૦૦૦	રોકડ	૮૦,૦૦૦
	૨,૯૮,૦૦૦		૨,૯૮,૦૦૦

તેઓએ ૧ એપ્રિલ ૨૦૧૯ ના રોજ આદિનાથને ભાગીદારીમાં પ્રવેશ આપ્યો. તેની શરતો આ પ્રમાણે છે :

(૧) તેઓ ₹ ૪૦,૦૦૦ મૂડી તરીકે લાવ્યા. તેના ભવિષ્યના ૧/૫ નફાનાં ભાગ માટે અને ₹ ૨૦,૦૦૦ તેના ભાગની પાઘડી તરીકે લાવશે.

(૨) ફર્નિચરમાં ૨૦% ઘસારો ગણો.

(૩) સ્ટૉકમાં ૧૦% થી વધારો કરવો.

(૪) મકાનમાં ૫% થી વધારો કરવો.

(૫) પરચૂરણ દેવાદાર પર ૫% ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(૬) બધાજ ભાગીદારોની મૂડી તેઓના નવા નફા-નુકશાન પ્રમાણે રાખવાની છે અને તેનો મેળ રોકડ ખાતાથી બેસાડવો.

તૈયાર કરો : (અ) પુનઃ મૂલ્યાંકન ખાતું.

(બ) ભાગીદારોનાં મૂડી ખાતાં

(ક) નવી પેઢીનું પાકું સરવૈયું

અથવા

આદિત્ય, અજિંક્ય અને અરૂણ જેઓ ૫ : ૩ : ૨ ના પ્રમાણમાં નફો અને નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

૩૧ મી માર્ચ, ૨૦૨૦ ના રોજનું પાકું સરવૈયું

જવાબદારીઓ	રકમ (₹)	મિલકતો	રકમ (₹)
લેણદારો	૧૦,૪૫૦	રોકડ	૩,૮૦૦
અનામત ભંડોળ	૭,૫૦૦	દેવાદારો	૯,૦૦૦
મૂડી ખાતું :		સ્ટૉક	૮,૭૫૦
આદિત્ય	૨૧,૦૦૦	મશીનરી	૫૦,૦૦૦
અજિંક્ય	૧૮,૫૦૦	ફર્નિચર	૨,૫૦૦
અરૂણ	૧૬,૬૦૦		
	૭૪,૦૫૦		૭૪,૦૫૦

૧ એપ્રિલ ૨૦૨૦ ના અરૂણ નીચેની શરતોએ નિવૃત્ત થાય છે.

(૧) પેઢીની પાઘડી ચોપડામાં ₹ ૧૦,૦૦૦ થી ઉભી કરીએ.

(૨) સ્ટૉક ૧૦% થી ઘટાડો, ફર્નિચર ૫% અને મશીનરી ૧૦% થી ઘટાડો.

(૩) દેવાદારો પર ૫% ઘાલખાધ અનામતની જાળવવાની છે.

(૪) લેણદારોમાંથી ₹ ૧૦૦ માંડી વાળો.

(૫) અરૂણની ચૂકવવાની બધી જ રકમ તેના લોન ખાતે ફેરવવામાં આવશે.

તૈયાર કરો :

(અ) નફા-નુકશાન હવાલા ખાતું (બ) ભાગીદારોનાં મૂડી ખાતા

(ક) નવી પેઢીનું પાકું સરવૈયું

પ્ર. ૩. 'જીવન સ્ટોર્સ' ના શર્મિલા, ઉર્મિલા અને લીલા પેઢીના ભાગીદારો છે. જેઓ અનુક્રમે ૨ : ૨ : ૧ ના પ્રમાણમાં નફો અને નુકશાન વહેંચતા ભાગીદારો છે. ૩૧ મી માર્ચ ૨૦૨૦ ના તેઓએ પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું. જ્યારે તેઓનું પાકું સરવૈયું નીચે મુજબ છે. **[૧૦]**

૩૧મી માર્ચ ૨૦૨૦ ના રોજનું પાકું-સરવૈયું

જવાબદારીઓ	રકમ (₹)	મિલકતો	રકમ (₹)
મૂડી ખાતા :		પાઘડી	૪૫,૬૦૦
શર્મિલા	૨,૨૭,૧૬૦	મશીનરી	૭૩,૦૦૦
ઉર્મિલા	૧,૪૪,૦૦૦	મોટર કાર	૧,૬૭,૬૦૦
લીલા	૧,૦૮,૦૦૦	બિલ્ડિંગ	૧,૦૨,૦૦૦
	૨૮,૮૦૦	રોકાણો	૬૨,૪૦૦
લેણદારો	૨૧,૬૦૦	દેવાદારો	૩૦,૬૦૦
દેવી હૂંડી		સ્ટૉક	૪૫,૦૦૦
		બેંક	૩,૩૬૦
	૫,૨૯,૫૬૦		૫,૨૯,૫૬૦

ઉપરની તારીખે પેઢીનું વિસર્જન થયું અને મિલકતનો નીચે મુજબ નિકાલ કર્યો.

(૧) શર્મિલાએ મકાન ₹ ૧, ૨૩,૬૦૦ માં લઇ જવાનું મંજૂર રાખ્યું.

(૨) ઉર્મિલા પાઘડી, સ્ટોક અને દેવાદારો ચોપડે કિંમતે લઇ જશે અને તેને લેણદાર અને દેવી હૂંડીનાં ચૂકવવા માટે મંજૂર કર્યું.

(૩) મોટરકાર અને મશીનરીનાં અનુક્રમે ₹ ૧,૫૧,૦૮૦ અને ₹ ૩૧,૬૮૦ ઉપજ્યાં.

(૪) રોકાણો લીલાએ ₹ ૫૫,૪૪૦ ની કિંમતે લઇ જવા મંજૂર કર્યું.

(૫) વિસર્જન ખર્ચની રકમ ₹ ૬,૮૦૦ થઇ.

તૈયાર કરો :

(અ) માલ-મિલકત નિકાલ ખાતું

(બ) ભાગીદારોનાં મૂડી ખાતા

(ક) બેંક ખાતું

અથવા

કનિકાએ માનસીને ₹ ૨૬,૦૦૦ નું દેવું હતું. માનસી ₹ ૨૧,૦૦૦ ની ત્રણ માસનાં સમય માટે હૂંડી કનિકા પર લખે છે અને બાકીની રકમ ₹ ૫,૦૦૦ ક્રૉસ ચૈક દ્વારા મળે છે. હૂંડીનો સ્વીકાર થાય છે અને માનસીને પરત કરવામાં આવે છે.

તે જ દિવસે માનસી કનિકાએ સ્વીકારેલી હૂંડીનો વેંચાણ શેરો બંસરીને કરે છે. પાક્યા તારીખે બંસરી માનસીને જણાવે છે કે કનિકાએ સ્વીકારેલી હૂંડી તેણે નકરામણી કરી છે અને ₹ ૨૮૦ નકરામણી ખર્ચ ચૂકવીઓ છે.

ત્યાર બાદ માનસીએ કનિકા પર ૧ મહિનાની નવી હૂંડી લખી. જેમાં નકરામણી ખર્ચ અને ₹ ૬૫૦ વ્યાજ સાથે પાક્યા તારીખે કનિકાએ તેને સ્વીકારેલ હૂંડીના નાણાં ચેક દ્વારા ચૂકવ્યા.

તૈયાર કરો :

(અ) માનસીનાં ચોપડામાં આમનોંધ પસાર કરો.

(બ) કનિકાનાં ચોપડામાં માનસીનું ખાતું તૈયાર કરો.

પ્ર. ૪. પરિમલ કંપની લિમિટેડ ૧,૦૦,૦૦૦ પ્રેફરન્સ શેર એક દીઠ ₹ ૨૦ એ બહાર પાડ્યા. જેની ચૂકવણી નીચે મુજબ કરવાની છે. **[૮]**

અરજી સાથે	₹ ૮
વહેંચણી સાથે	₹ ૬
પહેલો હપ્તો	₹ ૪
છેવટનો હપ્તો	₹ ૨

કંપનીને બધા શેરની અરજીઓ મળી અને બધા જ નાણાં મળ્યા. પરિમલ કંપની લિમિટેડનાં ચોપડામાં આમનોંધ પસાર કરો.

અથવા

કોમ્પ્યુટરાઈઝ હિસાબી પદ્ધતિનું મહત્ત્વ સમજાવો.

પ્ર. ૫. મહેન્દ્ર, સુરેન્દ્ર અને નરેન્દ્ર અનુક્રમે ૫ : ૩ : ૨ ના પ્રમાણમાં નફો અને નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓનું ૩૧ મી માર્ચ, ૨૦૧૯ ના રોજનું પાકું-સરવૈયું નીચે મુજબ છે. **[૮]**

૩૧ મી માર્ચ, ૨૦૧૯ ના રોજનું પાકું-સરવૈયું

જવાબદારીઓ	રકમ (₹)	મિલકતો	રકમ (₹)
મૂડી ખાતા :		સ્ટૉક	૧૭,૦૦૦
મહેન્દ્ર	૨૩,૦૦૦	ફર્નિચર	૧૮,૦૦૦
સુરેન્દ્ર	૧૫,૦૦૦	જમીન અને મકાન	૧૬,૦૦૦
નરેન્દ્ર	૧૨,૦૦૦	બેંક	૩૭,૦૦૦
દેવી હૂંડી	૨,૦૦૦		
લેણદારો	૮,૦૦૦		
બેંક લોન	૧૨,૦૦૦		
સામાન્ય અનામત	૧૬,૦૦૦		
	૮૮,૦૦૦		૮૮,૦૦૦

૩૦ જૂન ૨૦૧૯ ના નરેન્દ્ર મૃત્યુ પામે છે. કરાર મુજબ નીચેના હવાલાઓ કર્યા.

(૧) સ્ટૉક, ફર્નિચર, જમીન અને મકાનનું પુનઃ મૂલ્યાંકન અનુક્રમે ₹ ૧૬,૭૦૦, ₹ ૧૬,૨૦૦, ₹ ૩૦,૧૦૦ એ કર્યું.

(૨) નરેન્દ્રનાં ભાગની ગણતરી પેઢીની પાઘડીની કિંમતનાં છેલ્લા ચાર વર્ષના સરેરાશ નફાના ત્રણ ગણા ગણવાના છે. છેલ્લા ચાર વર્ષનો નફો નીચે મુજબ છે :

પહેલું વર્ષ ₹ ૩૦,૦૦૦

બીજું વર્ષ ₹ ૨૫,૦૦૦

ત્રીજું વર્ષ ₹ ૨૫,૦૦૦

ચોથું વર્ષ ₹ ૪૦,૦૦૦

(૩) નરેન્દ્રનાં મૃત્યુની તારીખ સુધીના નફાની ગણતરી છેલ્લા વર્ષના નફાને આધારે ગણવાની છે.

(૪) નરેન્દ્ર દર મહિને ₹ ૧,૨૦૦ પગાર મેળવે છે.

(૫) મૂડી પર ૧૦% વાર્ષિક દરે વ્યાજ આપવામાં આવે છે.

(૬) નરેન્દ્રએ મૃત્યુની તારીખ સુધી દર મહિને ₹ ૯૦૦ નો ઉપાડ કર્યો છે.

તૈયાર કરો :

(અ) નરેન્દ્રનું મૂડી ખાતું જેમાં તેના વારસદારને ચૂકવવાની રકમ દર્શાવે છે.

(બ) નીચે મુજબની ગણતરી કરો :

(i) નરેન્દ્રનાં ભાગની પાઘડી

(ii) નરેન્દ્રનાં નફાની ગણતરી

અથવા

(અ) નીચે આપેલી માહિતી પરથી ચાલુ પ્રમાણ શોધો : (૪)

(i) કુલ મિલકતો = ₹ ૨૨,૦૦૦

(ii) સ્થિર મિલકતો = ₹ ૧૦,૦૦૦

(iii) રોકાયેલી મૂડી = ₹ ૨૦,૦૦૦

(બ) નીચે આપેલી માહિતી પરથી ચોખ્ખા નફાનાં પ્રમાણની ગણતરી કરો : (૪)

(i) વેંચાણ = ₹ ૭૬,૦૦૦

(ii) વેચેલ માલની પડતર = ₹ ૫૨,૦૦૦

(iii) અપ્રત્યક્ષ ખર્ચાઓ = ₹ ૧૨,૦૦૦

પ્ર. ૬. 'ભાનુબાઇ મહિલા સેવા કેન્દ્ર'નું તારીખ ૧ એપ્રિલ ૨૦૧૯ અને તારીખ ૩૧ માર્ચ ૨૦૨૦ નાં પૂરા થતા વર્ષનું ક્રમશઃ પાકું સરવૈયું અને આવક જાવક ખાતું નીચે આપેલું છે. **[૧૨]**

૧ એપ્રિલ ૨૦૧૯ નાં રોજનું પાકું-સરવૈયું

જવાબદારીઓ	રકમ (₹)	મિલકતો	રકમ (₹)
મૂડી ભંડોળ	૪૦,૦૦૦	મશીનરી	૧૦,૦૦૦
નહીં ચૂકવેલ ખર્ચાઓ		ફર્નિચર	૨૦,૦૦૦
		સરકારી બોનસ	૬,૫૦૦
મજૂરી	૮,૦૦૦	નહીં મળેલ લવાજમ	૮,૫૦૦
ઇલેક્ટ્રીસિટી	૭,૦૦૦	બેંકમાં રોકડ	૧૦,૦૦૦
સ્ટેશનરી	૧,૦૦૦	હાથમાં રોકડ	૧,૦૦૦
	૫૬,૦૦૦		**૫૬,૦૦૦**

૩૧ મી માર્ચ, ૨૦૨૦ પૂરા થતાં વર્ષનું આવક અને જાવક ખાતું

ઉધાર **જમા**

આવકો	**રકમ (₹)**	**જાવકો**	**રકમ (₹)**
બાકી આગળ લાવ્યા		ઈલેક્ટ્રીસિટી ખર્ચ	૨૫,૦૦૦
હાથ પર રોકડ	૧,૦૦૦	મજૂરી	૨૨,૦૦૦
બેંકમાં રોકડ	૧૦,૦૦૦	સ્ટેશનરી	૩,૦૦૦
લવાજમ :		ભાડું અને વેરો	૧૧,૮૦૦
૨૦૧૮-૧૯ ૨૦૦૦		મુસાફરી ખર્ચ	૮,૦૦૦
૨૦૧૯-૨૦ ૪૫,૦૦૦		બાકી આગળ લઈ ગયા	
૨૦૨૦-૨૧ ૩૦૦૦	૫૦,૦૦૦	હાથમાં રોકડ	૪૦૦૦
પ્રવેશ ફી	૨૮,૦૦૦	બેંકમાં રોકડ	૨૦,૨૦૦
અન્ય આવક	૫,૦૦૦		
	૯૪,૦૦૦		૯૪,૦૦૦

વધારાની માહિતી :

(૧) નહીં ચૂકવેલ મજૂરી ₹ ૪૫૦ હતી.

(૨) પ્રવેશ ફીનું મૂડીકરણ કરો.

(૩) ફર્નિચર પર ૧૦% વાર્ષિક દરે ઘસારો ગણો.

(૪) વર્ષ ૨૦૧૯-૨૦ નું લવાજમ ₹ ૩૦૦૦ મળવાનું બાકી છે.

તૈયાર કરો :

(અ) ૩૧ મી માર્ચ ૨૦૨૦ ના પૂરા થતાં વર્ષનું ઉપજ અને ખર્ચ ખાતું.

(બ) ૩૧ મી માર્ચ ૨૦૨૦ ના રોજનું પાકું-સરવૈયું.

પ્ર. ૭. રાજન અને રોહિત ભાગીદારી પેઢીમાં સરખા પ્રમાણમાં નફો અને નુકશાન વહેંચતા ભાગીદારો છે. તમારે નીચે આપેલી માહિતી પરથી ૩૧ મી માર્ચ ૨૦૨૦નાં પૂરા થયેલાં વર્ષ માટે આપેલ હવાલાઓની નફા-નુકશાન ખાતા અને પાકાં સરવૈયામાં તેની અસર દર્શાવવાની છે. **[૧૨]**

૩૧ મી માર્ચ, ૨૦૨૦ ના રોજનું

કાચું-સરવૈયું

ઉધાર બાકી	**રકમ (₹)**	**જમા બાકી**	**રકમ (₹)**
વીમો	૩૦,૦૦૦	મૂડી ખાતું :	
જમીન અને મકાન	૧,૦૦,૦૦૦	રાજન	૧,૦૦,૦૦૦
(₹ ૪૦,૦૦૦ નો વધારો		રોહિત	૧,૦૦,૦૦૦
જેની અસર		૧૦% ની બેંકલોન	૬૦,૦૦૦
૧ જુલાઈ ૨૦૧૯		(૧ ઓક્ટોબર	
થી ગણવાની છે.)		૨૦૧૯ ના લીધેલ)	
પગાર	૧૦,૦૦૦	દેવી હૂંડી	૧૯,૦૦૦
નિકાસ જકાત	૫,૦૦૦		
વ્યાજ	૨,૦૦૦		
ફર્નિચર	૮૦,૦૦૦		
દેવાદાર	૫૨,૦૦૦		
	૨,૭૯,૦૦૦		**૨,૭૯,૦૦૦**

હવાલાઓ :

(૧) કાચા નફાની રકમ ₹ ૬૯,૦૦૦ છે.

(૨) વીમો ૧૫ મહિના સુધીનો ચૂકવ્યો છે. જેની અસર ૧ એપ્રિલ ૨૦૧૯ થી ગણવાની છે.

(૩) જમીન અને મકાન પર ૧૦% વાર્ષિક દરે અને ફર્નિચર પર ૫% વાર્ષિક દરે ઘસારો ગણો.

(૪) ₹ ૨,૦૦૦ ડૂબેલાં લેણા તરીકે માંડી વાળો અને દેવાદાર પર ૫% ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(૫) છેવટના સ્ટૉકનું મૂલ્ય ₹ ૬૯,૦૦૦ છે.

◆◆◆